**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૬/૦૧/૨૦૧૬ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહીદ દિન નિમીત્તે ૨ મીનીટ મૌન પાળવા બાબત : સમાચાર યાદી નં.૧૮૦/૧૬**

અગામી તા.૩૦/૧/૨૦૧૬ નારોજ **શહીદ દિન નિમીત્તે** અમદાવાદ શહેરમાં ગોઠવવામાં આવેલ નાગરીક સંરક્ષણની સાયરનો વગાડવામાં આવનાર છે. જે મુજબ તે સમયે બે મીનીટ મૌન પાળવું તથા **વાહન વ્યવહારની ગતી તેટલો સમય બંધ** રાખવાની રહેશે તથા આ સાયરનો શહીદ દિને સવારના **૧૦/૫૯ થી ૧૧/૦૦** વાગ્યા દરમ્યાન **(એક મીનીટ)** વાગશે અને **૨ મીનીટ મૌન** પાળવામાં આવશે તે બાદ સવારના ૧૧/૦૨ થી ૧૧/૦૩ વાગ્યા દરમ્યાન (એક મીનીટ) પુનઃ સાયરન વાગશે ત્યારબાદ રાબેતા મુજબનુ કામકાજ શરૂ કરવા અમદાવાદ શહેર પ્રજાજનોને વિનંતી છે.

ઉપરોક્ત બાબતે તા.૨૮/૧/૧૬ નારોજ ઉપરોક્ત સમયે રિહર્સલ કરવામાં આવશે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૧ કેસ કરી ૬૯ વ્યક્તિઓને ઝડપી ૨૨૪ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૮ બિયરટીન અને ૦૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૮૩/૧૬**

**વેજલપુર** : અસઝલ મોહમદ ઇબ્રાહિમ સિદ્દીકી (રહે.મૌલાના આઝાદ પાર્ક, અલફઝલ મસ્જીદ પાસે, જુહાપુરા) એ તા.૨૫/૧/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧/૧૬ ના કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે જુહાપુરા સમીરવિહાર સોસાયટી સામે આવેલ અલફઝલ કન્યા અનાથ આશ્રમ અને વિધવાઘરમાંથી અફસાનાબાનુ ખાન (ઉ.વ.૧૩) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૪/૧૬</u>**

**નવરંગપુરા :** ઇમ્તીયાઝ ઇસ્માઇલભાઇ મુન્સી (રહે.અમતુલ પાર્ક એપાર્ટમેન્ટ, મુસ્લીમ સોસાયટી, નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૫/૧/૧૬ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને ચાંદીનાં વાસણો મળી કુલ રૂપિયા ૮૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.માલીવાડ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૫/૧૬</u>**

**વાડજ :** આશાબહેન ગુલાબચંદ સોની (ઉ.વ.૪૨) (રહે.આનંદનગર ફ્લેટ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ) તા.૨૫/૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે નેશનલ હેન્ડલુમ હાઉસની બાજુમાં આવેલ આકૃતિ કોમ્પલેક્ષ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ આશાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૮,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ આશાબહેન સોનીએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૬/૧૬</u>**

**સોલા હાઇકોર્ટ :** કરણ દિનેશભાઇ ચૌહાણ (ઉ.વ.૧૮)(રહે.મલાવ તળાવનાં છાપરાં, થલતેજ) નિયમીત સ્કુલમાં જતો ન હોઇ, માતા-પિતાએ તે બાબતે કહેતાં મનમાં લાગી આવતાં તા.૨૫/૧/૧૬ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલાં પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ ધુળાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)